### પ્રજ્ઞાચક્ષુ વિદ્યાર્થિની ગૌરી શાર્દૂલે 93% મેળવી શહેરનું નામ રોશન કર્યું

# CBSE ધો.10ની પરીક્ષાનું પરિણામ જાહેર

**વડોદરા :** ધો.10નું CBSEનું પરિણામ જાહેર થઈ ચૂક્યું છે. સેન્ટ્રલ બોર્ડ સેકન્ડરી એજ્યુકેશન દ્વારા ધોરણ-10ની પરીક્ષા 17 ફેબ્રુઆરીથી 11 માર્ચ દરમિયાન પરીક્ષા લેવામાં આવી હતી. જેમાં ભારતમાંથી 26 લાખ જેટલા વિદ્યાર્થીઓએ આ પરીક્ષા આપી હતી. જેમાંથી 24.60 લાખ જેટલા વિદ્યાર્થીઓ પરીક્ષામાં પાસ થયા છે એટલે કે 93.60 ટકા જેટલું રિઝલ્ટ આવ્યુ છે. વડોદરાની નમાંકિત સ્કૂલોએ પણ 100 ટકા પરિણામ મેળવ્યું હતું. સેન્ટ્રલ બોર્ડ સેકન્ડરી એજ્યુકેશન દ્વારા ધોરણ-10ની પરીક્ષાનું પરિણામ બુધવારે જાહેર કરાયું હતું. એજ્યુકેશન એક્સપર્ટ રવિ વઢવાણાએ જણાવ્યું હતું કે, CBSE બોર્ડ દ્વારા પરીક્ષા પ્રક્રિયા પારદર્શક અને નિયમબદ્ધ રીતે પૂર્ણ કરવામાં આવી હતી, જેના કારણે પરિણામ પણ સમયસર જાહેર થઈ શક્યું છે. આ ઉપરાંત, ડિજિટલ પ્લેટફોર્મ્સ દ્વારા પણ માર્કશીટ ઉપલબ્ધ કરાવાઈ છે, જેથી વિદ્યાર્થીઓને સરળતા રહે.

આ વખતે નવરચના હાયર સેકન્ડરી સ્કૂલ સમા, વિદ્યાની વિદ્યાલય , પીએમશ્રી કેન્દ્રીય વિદ્યાલય ઈએમઈ, વાસણા બ્રાઈટ ઊર્મિ સહિતની નમાંકિત CBSE સ્કૂલોએ 100 ટકા ઝળહળતું પરિણામ મેળવ્યું હતું. ઉર્મિ સ્કૂલ એન્ડ હોસ્ટેલ દ્વારા CBSE ધો.-10ના બોર્ડ પરિણામમાં શાળાનું 100% પરિણામ આવ્યું છે. આ પરિણામમાં સૌથી વધુ આકર્ષણ અને ગૌરવનું કેન્દ્ર પ્રજ્ઞાચક્ષુ વિદ્યાર્થિની ગૌરી શાર્દૂલ રહી છે. ગૌરીએ પોતાની શારીરિક મર્યાદાઓને માત આપીને અત્યંત પરિશ્રમ દ્વારા 93 ટકા ગુણ પ્રાપ્ત કર્યા છે.



ગૌરી શાર્દુલ- 93% આશના તન્ના 98.60% દેવ લખતરીયા 97.60% વંદન ઠાકર 98%

**નવરચના વિદ્યાની વિદ્યાલયે ધો.10 CBSEમાં 100 ટકા પરિણામ મેળવ્યું**

નવરચના વિદ્યાની વિદ્યાલયે ધોરણ દસમા CBSE પરીક્ષામાં 114 માંથી 114 પાસ એટલે 100% પરિણામ નોંધાવ્યું છે. ટોચના સ્કોરર્સમાં વંદન ઠાકર 98%, દીપ પટેલ 97.8%, સાત્વી સુતારિયા 97.8% અને ભવ્યા સિંઘલ 97.2% નો સમાવેશ થાય છે. આચાર્ય ડો. અર્ચના મિશ્રાએ જણાવ્યું હતું કે, અમારા પરિણામો અમારા વિદ્યાર્થીઓની સ્થિતિસ્થાપકતા, જિજ્ઞાસા અને શાંત નિશ્ચયની ઉજવણી કરે છે. દરેક બાળકે તેમની ક્ષમતાનું સન્માન કર્યું છે.

**બ્રાઈટ ડે સ્કૂલ વાસણાના 37 વિદ્યાર્થીઓ 90 ટકા થી વધુ પર્સન્ટેજ મેળવ્યા**

બ્રાઈટ ડે સ્કૂલ CBSE યુનિટ, વાસણા વિભાગ સી.બી.એસ.ઈનું આજે જાહેર થયેલ ધોરણ 10 નું 100 ટકા પરીણામ આવ્યું છે. ધોરણ 10 માં 97.60 ટકા સાથે દેવ લખતરીયાએ શાળામાં પ્રથમ સ્થાન મેળવ્યું છે. શાળામાં 255 વિદ્યાર્થીઓ પરિક્ષામાં બેઠા હતા. જેમા 37 વિદ્યાર્થીઓ 90 % થી વધુ, 62 વિદ્યાર્થીઓના 80 % થી વધુ, 62 વિદ્યાર્થીઓના 70 % થી વધુ પર્સન્ટેજ મેળવ્યા છે. 53 વિદ્યાર્થી ઓના 60% થી વધુ, 41 વિદ્યાર્થી ઓના 50% થી વધુ પર્સન્ટેજ મેળવ્યા છે.

**નવરચના સ્કૂલના 30 વિદ્યાર્થીને ચાર વિષયમાં 100 માંથી 100 માર્ક**

સમા નવરચના સ્કૂલેના અવની કૌશિક 97.83% સાથે સ્કૂલ ટોપર રહી છે. SSE-2025-2026 માં 217 વિદ્યાર્થીઓમાંથી 67 વિદ્યાર્થીઓએ 90% થી વધુ ગુણ મેળવ્યા છે. જ્યારે 184 વિદ્યાર્થીઓએ 70% થી વધુ ગુણ મેળવ્યા છે. જ્યારે, આર્ટિફિશિયલ ઇન્ટેલિજન્સમાં 22, સંસ્કૃત કોમ્યુનિકેટિવ 3, ફ્રેંચ 1, સામાજિક વિજ્ઞાનમાં 4 મળી કુલ 30 વિદ્યાર્થીઓએ 100 માંથી 100 માર્ક્સ મેળવ્યા હતા.

### વડોદરામાં બુટલેગરો બેફામ બન્યા

# દારૂની પેટીઓ કટીંગ બાદ ખાલી ખોખા સળગાવી ગટરમાં નાખ્યા

**અસામાજિક** પ્રવૃત્તિ કરતા અટકાવનાર લોકો સામે પણ બાખડયા

( પ્રતિનિધિ ) વડોદરા,તા.15

વડોદરા શહેરમાં ચાલી રહેલા ચૂંટણીના માહોલ વચ્ચે બુટલેગરો બેફામ બન્યા હોવાને એક કિસ્સો પ્રકાશમાં આવ્યો છે. જે વિસ્તારમાં એક મહિલા ઉમેદવારને લોકોએ આડેહાથ લીધી હતી, એ જ દિવસે મોડી રાત્રિ દરમિયાન એક નામચીન બુટલેગર અને તેના મળતીયાઓ દ્વારા દારૂની પેટીઓ કટીંગ કરવામાં આવી અને જે બાદ દારૂની પેટીઓના ખાલી બોક્સ જાહેરમાં સળગાવી તેનો નિકાલ માર્ગ ઉપર આવેલી ગટરમાં કરવામાં આવ્યો હતો. જો કે આ સમગ્ર ઘટનાનો વિડીયો એક નાગરિક દ્વારા પોતાના



મોબાઈલમાં કેદ કરી વાયરલ કર્યો હતો. મળતી માહિતી અનુસાર હુજરાત ટેકરા વિસ્તારમાં મહેન્દ્ર નામનો આ બુટલેગર અગાઉ પોલીસના હાથે પ્રોહીબિશનના ગુનામાં ઝડપાઈ ચુક્યો છે, તેમ છતાં પણ જાણે ખાખીનો ખોફ ના હોય તેમ શરાબનો વેપલો ચાલુ રાખ્યો છે, રાત્રી દરમિયાન વિસ્તારના કેટલાક લોકોએ તેને આ પ્રવૃત્તિ કરતા અટકાવ્યો પણ હતો. જોકે, ઉલ્ટા ચોર કોતવાલ કો દાટે જેવો ઘાટ સર્જાયો હતો. મહેન્દ્ર અને તેનો સાગરીત આ પ્રવૃત્તિ કરતા અટકાવનાર લોકો સાથે ઘર્ષણ પર ઉતરી આવ્યા હતા. ગાળા ગાળી કરી આતંક ફેલાવ્યો હતો. જોકે દારૂની પેટીઓ ખાલી કર્યા બાદ તેના પુઠાના બોક્સ રાત્રી દરમિયાન જાહેર માર્ગ ઉપર સળગાવીને ગટરમાં નાખતા હોવાનું વિડિયો એક યુવકે પોતાના મોબાઈલમાં કેદ કરી વાયરલ કર્યો હતો.

### કુટુંબ પેન્શનરોએ પુનઃલગ્ન નહી કર્યા અંગેનું પ્રમાણપત્ર રજુ કરવુ પડશે

# પેન્શનરોએ આધારકાર્ડ-પાનકાર્ડની નકલ હયાતી ફોર્મ સાથે આપવી પડશે

વડોદરા : પેન્શન ચુકવણા કચેરી, વડોદરામાંથી IRLA સ્કીમ મારફત (બેંક મારફત) રાજ્ય/કેન્દ્ર સરકારનું પેન્શન મેળવતા પેન્શનરોને અખબારી યાદી મારફત જણાવાયું છે કે, તેઓએ પોતાની વાર્ષિક હયાતીની ખરાઈ તિજોરી કચેરી સાથે સંલગ્ન બેંક શાખામાં આગામી તા.૦૧/૦૫/૨૦૨૬ થી તા.૩૧/૦૭/૨૦૨૬ સુધીમાં કરાવી લેવાની રહેશે. આ સાથે કુટુંબ પેન્શનરોએ પુનઃલગ્ન નહી કર્યા અંગેનું નિયત નમુનામાં પ્રતિષ્ઠિત વ્યક્તિનું પ્રમાણપત્ર રજુ કરવાનું રહેશે. તા.૩૧-૦૭-૨૦૨૬ સુધીમાં જે પેન્શનરોના હયાતીના ફોર્મ અત્રેની કચેરીને મળશે નહિ તેવા પેન્શનરોનું ઓગષ્ટ-૨૦૨૬ પેઈડ ઈન સપ્ટેમ્બર - ૨૦૨૬ થી પેન્શન બંધ કરવામાં આવશે જેની સર્વે પેન્શનરોએ નોંધ લેવા જણાવાયું છે. પેન્શનર www. jeevanpramaan.gov.in વેબસાઈટ પર પણ ઓનલાઈન હયાતી કરાવી શકશે. જે પેન્શનરોએ આધારકાર્ડ કે પાનકાર્ડ આપેલ નથી તેવા પેન્શનરોએ આધારકાર્ડ અને પાનકાર્ડની નકલ હયાતી ફોર્મ સાથે અચુક આપવી પડશે. વધુમાં જે પેન્શનરોએ ઘેર બેઠા હયાતી કરાવવી હોય તેઓએ તેઓની નજીકની પોસ્ટ ઓફિસમાં સંપર્ક કરવાનો રહેશે જેથી નિયત તારીખ અને સમયે પોસ્ટમેન તેઓના ઘરે રૂબરૂ મુલાકાત લઈ વિના મુલ્યે જીવન પ્રમાણ એપ્લીકેશન પર તેઓની હયાતી જનરેટ કરી શકશે. વિદેશમાં રહેતા પેન્શનરોએ તેઓની હયાતી નોટરી પાસે ફોટા સહિત બેંક / શાખા પી.પી.ઓ. નંબર તથા ખાતા નંબર લખી કરાવવાની રહેશે. નોટરીથી કરાવેલ હયાતી અસલમાં તથા પાસપોર્ટની નકલ તથા વિદેશી નગરિકતા ધરાવતા પેન્શનરશ્રીઓએ NRO એકાઉન્ટ કરેલ બેન્ક પાસબુકની નકલ હયાતી સાથે ફરજીયાત આપવાની રહેશે. અન્યથા હયાતી ગ્રાહ્ય રાખવામાં આવશે નહિ.

# વડસર બ્રિજ નીચે અજાણી વ્યક્તિએ ટ્રેન નીચે પડી પડતું મૂક્યું

( પ્રતિનિધિ ) વડોદરા,તા.15

વડોદરા શહેરના વડસર બ્રિજ નીચે રેલ્વે ટ્રેક ઉપર આવી રહેલી ટ્રેન સામે અજાણી વ્યક્તિએ મોતની છલાંગ લગાવી જીવાદોરી ટૂંકાવી લીધી હતી. બનાવની જાણ થતા જ સ્થાનિક અને રેલવે પોલીસ ઘટના સ્થળે પહોંચી હતી અને મૃતદેહને પોસ્ટમોર્ટમ માટે ખસેડી આ વ્યક્તિ કોણ છે અને કેમ તેણે આ પગલું ભર્યું તે દિશામાં આગળની તપાસ હાથ ધરી છે. વડોદરા શહેરના વડસર બ્રિજ નીચે એક દુઃખદ ઘટના બનવા પામી છે, એક અજાણ્યા વ્યક્તિએ ટ્રેન નીચે પડતું મૂકી જીવન નો અંત આણી દીધો હતો. ઘટનાની જાણ થતાં સ્થાનિક લોકો એકત્રિત થયા હતા અને તરત જ પોલીસ તથા રેલવે અધિકારીઓને જાણ કરવામાં આવી હતી. પ્રાપ્ત માહિતી અનુસાર વ્યક્તિએ અચાનક ટ્રેન આગળ ઝંપલાવ્યું હતું. ટ્રેન સાથે ટકરાતા જ ઘટના સ્થળ પર તેનું મોત નીપજ્યું હતું.

### પેસેન્જર ફીડબેક અને પરફોર્મન્સ રેટિંગ સિસ્ટમને લોકો તરફથી જબરદસ્ત પ્રતિસાદ મળ્યો

# GSRTCની QR કોડની સિસ્ટમથી એસટી બસની સેવા વધુ સુધરશે

( પ્રતિનિધિ ) વડોદરા,તા.15

ગુજરાત રાજ્ય માર્ગ વાહન વ્યવહાર નિગમે મુસાફરોની સુવિધા માટે એક ડિજિટલ ક્રાંતિ શરૂ કરી છે. હવે એસટી બસમાં વિલંબ, બેહાલી, અપૂરતી સીટિંગ કે કંડક્ટરનું અનુચિત વર્તન જેવી કોઈપણ સમસ્યા ફક્ત એક ક્લિકમાં હલ થશે. આ પેસેન્જર ફીડબેક અને પરફોર્મન્સ રેટિંગ સિસ્ટમ'ને લોકો તરફથી જબરદસ્ત પ્રતિસાદ મળ્યો છે. જીએસઆરટીસીએ પોતાની તમામ 16 હજારથી વધુ બસોમાં એક QR કોડ લગાવ્યો છે. મુસાફરો માત્ર તેમના સ્માર્ટફોનથી આ કોડ સ્કેન કરે, તો તેમને એક સરળ ઓનલાઈન ફોર્મ ખુલી જશે. તેમાં તેઓ બસની સમયસર પહોંચ, સ્વચ્છતા, ડ્રાઈવર-કંડક્ટરના વર્તન, સુવિધાઓ અને ઓવરઓલ સેવા વિશે 1 થી 5 તારાની રેટિંગ આપી શકે છે. વધુમાં, ટેક્સ્ટ બોક્સમાં વિગતવાર



ફરિયાદ કે સુધારણાના સૂચનો પણ લખી શકાય છે. આ ફીડબેક તરત જ જીએસઆરટીસીના કંટ્રોલ રૂમમાં પહોંચી જાય છે. અહીંથી ટીમ ત્વરિત કાર્યવાહી કરે છે, જેમ કે ડ્રાઈવરને ચેતવણી આપવી, બસની જાળવણી કરાવવી કે રૂટ પર વધુ બસો મોકલવી. આ સિસ્ટમ લોન્ચ થયા માત્ર કેટલાક અઠવાડિયામાં લાખો મુસાફરોએ ફીડબેક આપ્યો છે. જીએસઆરટીસીના અધિકારીઓ અનુસાર 85 %થી વધુ રેટિંગ્સ સકારાત્મક છે, જે નિગમના પરફોર્મન્સને નવી ઊંચાઈએ લઈ ગયા છે. ઉદાહરણ તરીકે, સુરત-વડોદરા રૂટ પર વિલંબની ફરિયાદો પછી વધુ બસો ઉમેરવામાં આવી, જેથી મુસાફરોને રાહ જોવી પડતી નથી. આ સિસ્ટમથી મુસાફરોની અવાજ સીધો પહોંચે છે અને તેના આધારે તાત્કાલિક સુધારો થાય છે. આ પહેલથી ગ્રામીણ વિસ્તારોમાં પણ સેવા સુધરી છે, જ્યાં પહેલા ફરિયાદોનો વિલંબ થતો હતો. ગુજરાતમાં રોજ લાખો લોકો એસટી બસ પર આધારિત છે, ખાસ કરીને વિદ્યાર્થીઓ, કામદારો અને ગ્રામીણ મુસાફરો. આ સિસ્ટમથી ટ્રાફિક જામ, પેટ્રોલની મોંઘાઈ વચ્ચે જાહેર વાહન વ્યવસ્થા વધુ વિશ્વાસપાત્ર બનશે. ભવિષ્યમાં આને અપ્લાયનું ઈન્ટિગ્રેશન અને વાય-ફાઈ સુવિધા પણ ઉમેરાશે.

### શનિવારે સાંજે 4 વાગ્યે પ્રતાપનગર સ્ટેશનથી માઉ માટે પ્રસ્થાન

# વડોદરા-માઉ સ્પે. ટ્રેનના સમયમાં ફેરફાર કરાયો

( પ્રતિનિધિ ) વડોદરા,તા.15

પશ્ચિમ રેલ્વે મુસાફરોની સુવિધા અને વધારાના ધસારાને ધ્યાનમાં રાખીને વડોદરા ડિવિઝનથી વડોદરા-માઉ સ્પેશિયલ ટ્રેન ચલાવી રહી છે. ઉત્તર રેલ્વેના લખનૌ ડિવિઝનમાં કાનપુર સેન્ટ્રલ અને કાનપુર બ્રિજ લેફ્ટ બેંક વચ્ચે મેગા બ્લોક હોવાને કારણે, આ ટ્રેનના રૂટ અને સમયમાં ફેરફાર કરવામાં આવ્યા છે. 11 એપ્રિલથી આ ટ્રેન વડોદરા જંક્શનને બદલે પ્રતાપનગરથી શરૂ થશે અને સમાપ્ત થશે. વડોદરા ડિવિઝનના જનસંપર્ક અધિકારી અનુભવ સક્સેના દ્વારા જણાવ્યા અનુસાર, આ ટ્રેન 11 એપ્રિલથી ટુંડલા, કાનપુર સેન્ટ્રલ, લખનૌ અને સુલતાનપુરને બદલે ટુંડલા, ગોવિંદપુરી, પ્રયાગરાજ, જ્ઞાનપુર રોડ, બનારસ અને ઔનરિહાર થઈને ડાયવર્ટ કરેલા રૂટ પર ચાલશે. આ ટ્રેન વડોદરા-મઉ- વડોદરાને બદલે પ્રતાપનગર- મઉ-પ્રતાપનગર વચ્ચે દોડશે. ટ્રેન નં. 09195 પ્રતાપનગર-મઉ સુપરફાસ્ટ સ્પેશિયલ દર શનિવારે પ્રતાપનગરથી 16:00 વાગ્યે ઉપડશે અને બીજા દિવસે 18:00 વાગ્યે મઉ પહોંચશે. આ ટ્રેન 11 એપ્રિલ, 2026 થી 25 જુલાઈ, 2026 સુધી લંબાવવામાં આવી છે. તેવી જ રીતે, ટ્રેન નં. 09196 મઉ-પ્રતાપનગર સુપરફાસ્ટ સ્પેશિયલ દર રવિવારે મઉથી 23:25 વાગ્યે ઉપડશે અને મંગળવારે 03:15 વાગ્યે પ્રતાપનગર પહોંચશે. આ ટ્રેન 12 એપ્રિલથી 26 જુલાઈ સુધી લંબાવવામાં આવી છે. રૂટમાં, ટ્રેન વડોદરા, ગોધરા, દાહોદ, રતલામ જંક્શન, કોટા જંક્શન, ગંગાપુર સિટી, બયાના જંક્શન, રૂપવાસ, આગ્રા કેન્ટ., ફતેહાબાદ, ભાભર, ઈટાવા, ગોવિંદપુરી, પ્રયાગરાજ જંક્શન, જ્ઞાનપુર રોડ, બનારસ, વારાણસી અને ઉન્નિહાર સ્ટેશનો પર બંને દિશામાં રોકાશે.

### વધુ માર્ક્સ અને બોલિવૂડના સપના બતાવી સગીરા સાથે શરીર સંબંધ બાંધતો હતો

# વિદ્યાર્થિની પર દુષ્કર્મ ગુજારનાર લંપટ શિક્ષકને સેન્ટ્રલ જેલમાં ધકેલી દેવાયો

મોડી રાત્રિના સમયે મકાનના છત પર સગીરાને લઈ જતા ભાંડો ફૂટ્યો



( પ્રતિનિધિ ) વડોદરા,તા.15

વડોદરા શહેરમાં ઈંગ્લીશ મીડીયમમાં અભ્યાસ કરતી 17 વર્ષીય સગીર વિદ્યાર્થીનીને તેના જ શિક્ષકે વધુ માર્ક્સ અને બોલિવૂડમાં સિંગર બનાવવાના સપના બતાવી વારંવાર દુષ્કર્મ આચર્યું હતું. ત્યારે આ લંપટ શિક્ષકને કોર્ટ દ્વારા સેન્ટ્રલ જેલના સળિયા પાછળ ધકેલી દેવાનો હુકમ કરાયો છે.

વડોદરા શહેરમાં રહેતી સગીર વિદ્યાર્થીની સાથે શિક્ષક વિજય ભીમા રાઠોડે પહેલા તેને અભ્યાસમાં વધુ માર્ક્સ અપાવવાની લાલચ આપી અને પછી ધીમે ધીમે તેને પોતાના જાળમાં ફસાવી લીધી હતી. એટલું જ નહીં, તેણે વિદ્યાર્થીનીને સિંગર બનાવી બોલિવૂડમાં મોકો અપાવવાની સાથે મુંબઈ ફરવા લઈ જવાની પણ લાલચ આપી હતી. આ લાલચના આધારે શિક્ષકે વિદ્યાર્થીની સાથે અનેક વખત શારીરિક સંબંધ બાંધ્યા હોવાનું સામે આવ્યું છે. દરમિયાન, ગત 8 એપ્રિલની રાત્રે વિદ્યાર્થીનીના મકાનની છત પર સગીરા અને શિક્ષકને જોતા પરિવારજનોને શંકા જાગી હતી. પૂછપરછ કરતા વિદ્યાર્થીનીએ શિક્ષકે તેને લાલચ આપીને દુષ્કર્મ ગુજારી હોવાની કબુલાત કરી હતી.

માતા-પિતાએ તાત્કાલિક પોલીસમાં ફરિયાદ નોંધાવી હતી. પોલીસે કાર્યવાહી કરતા આરોપી શિક્ષકને ઝડપી પાડી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી હતી. 15 એપ્રિલ ના રોજ આરોપીને કોર્ટમાં રજૂ કરવામાં આવ્યો હતો, જ્યાં કોર્ટ દ્વારા તેને જ્યુડિશિયલ કસ્ટડીમાં મોકલવાનો હુકમ કરવામાં આવ્યો છે.

### હથિયાર બંધી જાહેરનામાનો ભંગ, પોલીસની કાર્યવાહી

# માંજલપુરમાં જાહેરમાં છરો લઈને ફરતા યુવક ઝડપાયો

( પ્રતિનિધિ ) વડોદરા,તા.15


વડોદરા શહેરમાં આવનારી મહાનગરપાલિકાની ચૂંટણીને ધ્યાનમાં રાખીને કાયદો અને વ્યવસ્થા જાળવવા માટે પોલીસ દ્વારા સઘન પેટ્રોલિંગ હાથ ધરવામાં આવ્યું છે. તે દરમિયાન માંજલપુર પોલીસ સ્ટેશન વિસ્તારમાં પેટ્રોલિંગ કરતી ટીમે એક યુવકને જાહેરમાં છરો લઈને ફરતા ઝડપ્યો હતો. માહિતી મુજબ, માંજલપુર પોલીસ સ્ટેશનમાં ફરજ બજાવતા હેડ કોન્સ્ટેબલ જયકીશન સોમાજી તથા અન્ય સ્ટાફ પીઆઇના માર્ગદર્શન હેઠળ વિસ્તારમાં પેટ્રોલિંગમાં હતા. ત્યારે મકરપુરા જી.આઈ.ડી.સી. વિસ્તારમાં વડસર રોડ પર જયંત ઓઈલ મિલ સામે રાત્રે લગભગ 20:10 કલાકે એક શંકાસ્પદ યુવક હાથમાં ફાઈબરના મુઠ્ઠાવાળો છરો લઈને ફરતો નજરે ચઢ્યો હતો. પોલીસે તરત જ યુવકને અટકાવી બે રાહદારીઓને પંચ તરીકે બોલાવી તેની પૂછપરછ કરતાં તેણે પોતાનું નામ રીતીકસીંગ હીરાસીંગ બાવરી (ઉંમર 21, રહે. સિકોતરનગર-02, અલવાનાકા, માંજલપુર) હોવાનું જણાવ્યું હતું. તપાસ દરમિયાન તેના પાસેથી ફાઈબરના મુઠ્ઠાવાળો અને સ્ટીલની ધારદાર ધાર ધરાવતો છરો મળી આવ્યો, જેની અંદાજિત કિંમત રૂ. 50 ગણાઈ છે. પોલીસ કમિશ્નર દ્વારા જાહેર કરાયેલા હથિયાર બંધીના જાહેરનામા હેઠળ આવા હથિયાર સાથે જાહેરમાં ફરવા પર પ્રતિબંધ હોવા છતાં યુવકે આ નિયમનો ભંગ કર્યો હતો. જેથી પોલીસે આરોપી સામે જી.પી. એક્ટ કલમ 135(1) મુજબ ગુનો દાખલ કરી કાયદેસર કાર્યવાહી હાથ ધરી છે. આ કેસમાં પોલીસ સ્ટાફ, પંચ સાક્ષીઓ તેમજ તપાસ દરમિયાન મળતી અન્ય માહિતીના આધારે વધુ કાર્યવાહી હાથ ધરવામાં આવી રહી છે.

### લાલુ સિંધી સહિત સહિતના અન્ય આઠ આરોપી ક્યાં છુપાયેલા છે તેની વિગતો મેળવાશે

# SMCની ટીમે વોન્ટેડ સુનિલ અદા સહિત ત્રણને હરિયાણાથી ઝડપ્યા

( પ્રતિનિધિ ) વડોદરા,તા.15

નંદેસરી પોલીસ સ્ટેશન વિસ્તારમાંથી ઝડપાયેલા 43 લાખના દારૂના ગુનામાં વોન્ટેડ લાલુ સિંધી સહિતની ગેંગ પૈકીના સુનિલ ઉર્ફે અદા અને અન્ય બે આરોપીને સ્ટેટ મોનિટરિંગ સેલે હરિયાણાથી ઝડપી પાડ્યા છે. આ ત્રણ આરોપીની વધુ પૂછપરછ કરવા તથા અન્ય આરોપીઓ ક્યાં છુપાયેલા છે તેની વિગત મેળવવા તેમને કોર્ટમાં રજુ કરી રિમાન્ડ મેળવાશે. આગામી ચૂંટણીને ધ્યાનમાં રાખીને સ્ટેટ મોનીટરીંગ સેલના પીઆઈ બી.એચ. રાઠોડની ટીમે મોટી કાર્યવાહી હાથ ધરી હતી. આ દરમિયાન વોન્ટેડ આરોપી સુનિલ ઉર્ફે અદો પ્રકાશ કેવલરામાણી, પલકેશ ઉર્ફે પલ્લી કિશનચંદ ધામેચા અને સંજય ઉર્ફે અન્નો કિશોરસિંહ સિંહને હરિયાણાના રેવાડી સ્થિત બીએમજી ઈલેજન્ટ હાઈટ્સના ફ્લેટમાંથી ઝડપી પાડવામાં આવ્યા હતા. બન્ને આરોપીઓને 15 એપ્રિલના રોજ ધરપકડ કરી સ્ટેટ મોનીટરીંગ સેલની કચેરીએ લાવવામાં આવ્યા છે. તેમના પાસેથી ત્રણ મોબાઈલ ફોન, ટોયોટા ઈનોવા અને હ્યુન્ડાઈ ક્રેટા સહિતનો મુદ્દામાલ કબ્જે કરવામાં આવ્યો છે. ઉલ્લેખનીય છે કે તા.29 માર્ચના રોજ નંદેસરી વિસ્તારમાં સ્ટેટ મોનીટરીંગ સેલે મોટી દરોડાની કાર્યવાહી કરી



હતી. જેમાં 43 લાખથી વધુ કિંમતનો વિદેશી દારૂ, 8 વાહનો, મોબાઈલ ફોન અને રોકડ રકમ સહિત કુલ રૂપિયા 1.40 કરોડથી વધુનો મુદ્દામાલ કબ્જે કરવામાં આવ્યો હતો.આ કેસમાં 6 આરોપીઓની ધરપકડ થઈ હતી, હાલ 3 આરોપીઓની ધરપકડ કરાવતા હજુ લાલુ સિંધી સહિત 8 આરોપીને વોન્ટેડ જાહેર કર્યા છે. બોક્સ- સુનિલ ઉર્ફે અદા સામે 11 થી વધુ નોંધાયેલા છે મુખ્ય આરોપી સુનિલ કેવલરામાણી સામે પ્રોહિબિશન, હથિયાર અને અન્ય ગંભીર કલમો હેઠળ 11થી વધુ ગુનાઓ નોંધાયેલા છે. જ્યારે પલકેશ ધામેચા સામે પણ પ્રોહિબિશન હેઠળના ગુનાઓ નોંધાયેલા છે. આ દરમિયાન ફ્લેટમાંથી સંજય ઉર્ફે અન્નો કિશોરસિંહ સિંહ નામનો અન્ય આરોપી પણ મળી આવ્યો હતો.જે પહેલાથી જ પ્રોહિબિશન કેસમાં વોન્ટેડ હતો. તેની સામે રૂપિયા 53 લાખથી વધુના મુદ્દામાલનો ગુનો નોંધાયેલો છે.

### એક આરોપી ઝડપાયો, સાગરીત ફરાર

# સમામાં ચાલતા દારૂના વેચાણ પર એલસીબી ઝોન-04નો દરોડો

( પ્રતિનિધિ ) વડોદરા,તા.15

આગામી સ્થાનિક સ્વરાજ્યની ચૂંટણીને ધ્યાનમાં રાખીને વડોદરા પોલીસ એકશન મોડમાં આવી ગઈ છે. શહેરના વિવિધ વિસ્તારોમાં ગેરકાયદેસર પ્રવૃત્તિઓ સામે સખત કાર્યવાહી શરૂ કરવામાં આવી છે. ત્યારે સમા વિસ્તારમાં લોકલ ક્રાઈમ બ્રાન્ચ ઝોન-04 દ્વારા ચાલતા દારૂના વેચાણ પર દરોડો પાડ્યો હતો જેમાં દેશી દારૂ સહિત રૂ.1.90 લાખનો મુદ્દામાલ જપ્ત કર્યો હતો અને એક આરોપીની ધરપકડ કરી અન્યને વોન્ટેડ જાહેર કર્યું હતું. એલસીબી ઝોન-04ની ટીમ પેટ્રોલિંગ દરમિયાન સમા આઈપીસીએલ સર્કલ પાસે હતી ત્યારે બાતમી મળી હતી કે શક્તિ પાર્ક સોસાયટી નજીક બે શખ્સ મોપેડમાં વિદેશી દારૂ ભરી વેચાણ માટે ઉભા છે. બાતમીના આધારે એલસીબી ની ટીમે સાંજના સમયે દરોડો પાડ્યો હતો. દરોડા દરમિયાન એક મોપેડ સાથે પંકજ રૂપનારાયણ ચૌહાણ (ઉંમર 26, રહે. નહેરૂનગર, સમા) ઝડપાઈ ગયો હતો હોવાનું જણાવ્યું હતું. પૂછપરછ દરમિયાન તેણે પોતાના મિત્ર પ્રદીપ જગતાપ સાથે મળીને દારૂનો ગેરકાયદેસર ધંધો કરતો હોવાની કબૂલાત કરી હતી. પોલીસે પંકજને સાથે રાખી પ્રદીપ જગતાપના ઝુપડામાં તપાસ કરતાં ત્યાંથી પણ વિવિધ બ્રાન્ડની ઈંગ્લિશ દારૂની બોટલો અને બિયરના ટીન મળી આવ્યા હતા. જોકે, દરોડા દરમિયાન પ્રદીપ જગતાપ સ્થળ પરથી ફરાર થઈ ગયો હતો. પોલીસે વિદેશી દારૂ અને બિયર મળી 90,000 તેમજ બે મોપેડ રૂ.1 લાખ મળી રૂ.1.90 લાખનો મુદ્દામાલ કબજે કરવામાં આવ્યો હતો. આરોપીઓ પાસે દારૂ રાખવા માટે કોઈ કાયદેસર પરમીટ મળ્યો નહોતો. પોલીસે પંકજ ચૌહાણની ધરપકડ કરી છે, જ્યારે પ્રદીપ જગતાપને વોન્ટેડ જાહેર કરવામાં આવ્યો છે.

# ટુંડાવ ગામે ટેકરા ફળીયામાં જુગાર રમતા 9 ઝડપાયા

વડોદરા :સાવલી તાલુકાના ટૂંડાઓ ગામે આવેલા ટેકરા ફળિયામાં 14 એપ્રિલના રોજ સાંજના સમયે કેટલાક શખ્સો જુગાર રમી રહ્યા હતા. આ અંગે લોકલ ક્રાઈમ બ્રાન્ચને મળી હતી જેના આધારે એલસીબી ની ટીમે બાતમી મુજબના સ્થળ ઉપર દરોડો પાડ્યો હતો. જેમાં સ્થળ પરથી મહંમદ ઉર્ફે ભાગલ જાદવ, દિલીપ ઉર્ફે સારુખાન રાઠોડ, ફીરોજ રાણા, મહંમદ વાઘેલા, ચંદુ ચૌહાણ, પુંજા હરોશી, મુકેશ વાળંદ, હરીશ ઉર્ફે લાલા ગોહીલ અને મુકેશ ઉર્ફે પથ્થરવાળા ચૌહાણને ઝડપી પાડ્યા હતા. એલસીબી દ્વારા આરોપીઓ પાસેથી અંગ ઝડતી દરમિયાન રોકડા રૂ. 26 હજાર તેમજ દાવ ઉપરથી રૂ. 11 હજાર મળી રૂ. 38હજારનો મુદ્દામાલ કબજે કરવામાં આવ્યો હતો. એલસીબી ની ટીમે જુગારીયાઓ અને મુદ્દામાલ આગળની કાર્યવાહી માટે મંજુસર પોલીસ સ્ટેશનમાં સુપ્રત કરવામાં આવ્યો છે.

### 19 વર્ષના યુવક સાથે સગીરાના 3 વર્ષથી સંબંધ

# કિશોરીએ યુવક સાથે લગ્નની જીદ પકડી, આત્મહત્યાની ધમકી આપી

ભવિષ્યમાં સ્વતંત્ર બની પોતાના નિર્ણય લેવાની પ્રેરણા આપવામાં આવી હતી

( પ્રતિનિધિ ) વડોદરા,તા.15

વડોદરા શહેરના બાપોદ વિસ્તારમાં 17 વર્ષીય કિશોરીએ 19 વર્ષના યુવક સાથે લગ્ન કરવાની જીદ પકડી લેતા પરિવાર ચિંતિત બન્યો હતો. આખરે પિતાએ 181 અભયમ ટીમની મદદ લીધી હતી. જેમાં કિશોરીનું અભયમની ટીમ દ્વારા કાઉન્સેલિંગ કરી તેને યોગ્ય માર્ગદર્શન આપવામાં આવ્યું છે. વડોદરા શહેરના બાપોદ વિસ્તારમાં રહેતી 17 વર્ષીય કિશોરીનો સોશિયલ મીડિયા મારફતે 19 વર્ષીય યુવક સાથે પરિચયમા આવી હતી.

પરિચય બાદ બંને વચ્ચે છેલ્લા ત્રણ વર્ષથી પ્રેમ સંબંધ વિકસ્યો હતો. દરમિયાન બંને વચ્ચે શારીરિક સંબંધ પણ બન્યા હતા. હાલમાં કિશોરી યુવક સાથે જ રહેવા અને લગ્ન કરવાની જીદ કરવા લાગી હતી.

CALL 181 મહિલા હેલ્પલાઈન
સલાહ • બચાવ-મદદ • સૂચન-માર્ગદર્શન

પરિવારજનોના સમજાવ્યા છતાં તે યુવકને છોડવા તૈયાર નહોતી અને આત્મહત્યાની ધમકી પણ આપી રહી હતી. જેને કારણે પરિવાર ચિંતામાં મુકાયો હતો. પરિસ્થિતિને ગંભીરતા પૂર્વક લઈ કિશોરીના પિતાએ 181 અભયમ મહિલા હેલ્પલાઈનનો સંપર્ક કર્યો હતો. અભયમ ટીમ સ્થળ પર પહોંચી કિશોરી સાથે વિગતવાર કાઉન્સેલિંગ કર્યું હતું. કાઉન્સેલિંગ દરમિયાન કિશોરીને સમજાવવામાં આવ્યું હતું કે હાલ તેની ઉંમર લગ્ન માટે કાનૂની રીતે યોગ્ય નથી અને તે પોતાના અભ્યાસ પર ધ્યાન આપવા સમજાવ્યું હતું સાથે જ તેને ભવિષ્યમાં સ્વતંત્ર બની પોતાના નિર્ણય લેવાની પ્રેરણા આપવામાં આવી હતી. અભયમ ટીમે પરિવારને પણ માર્ગદર્શન આપ્યું હતું.

આ મામલે કિશોરીના પિતાએ યુવક વિરુદ્ધ કાનૂની કાર્યવાહી કરવાની ઈચ્છા વ્યક્ત કરી છે. કિશોરી નાબાલિક હોવાને કારણે બાપોદ પોલીસ સ્ટેશનમાં પિતાની તરફથી અરજી આપવામાં આવી છે.

### વાહનચાલકો અને રાહદારીઓના જીવને જોખમ ઊભુ કર્યું હતું

# ઢોર પકડવાની કામગીરીમાં રૂકાવટ કરનાર ત્રણ સામે ગુનો નોંધાયો

( પ્રતિનિધિ ) વડોદરા,તા.15

વડોદરાના ગોરવા વિસ્તારમાં સરકારી ઢોર પકડવાની કામગીરી દરમિયાન ત્રણ પશુપાલકોએ રૂકાવટ કરી હતી. છોડાવી જવા માટે પશુપાલકોએ ગાયને રોડ પર ભગાડતાં વાહનચાલકો અને રાહદારીઓના જીવને જોખમ ઊભું થયું હતું જેને લઈને પોલીસે ત્રણેય પશુપાલકો સામે સરકારી કામમાં દખલગીરી કરવાનો ગુનો નોંધ્યો છે. વડોદરા સેવા સદનમાં ઢોર પાર્ટીના સુપરવાઈઝર તરીકે ફરજ બજાવતા ભાનુપ્રસાદસિંહ શ્રીભગવાનસિંહ પોતાની ટીમ અને પોલીસ સ્ટાફ સાથે પશ્ચિમ ઝોન વિસ્તારમાં ઢોર પકડવાની કામગીરી માટે નીકળ્યા હતા. સવારે આશરે 9:30 વાગ્યાના અરસામાં ગોરવા બાપુની દરગાહ નજીક એક ગાય દેખાતા ટીમે બોલેરો ગાડી દ્વારા તેને પકડવાનો પ્રયાસ કર્યો હતો. આ દરમિયાન પશુપાલકો અજય ઉર્ફે અજલો, નરેશ ઉર્ફે નરીયો અને દીપક ઉર્ફે દીપો નાગજીભાઈ રબારી ઘટના સ્થળે આવી પહોંચ્યા હતા. તેમણે પોતાની બાઈક અને એક્ટિવા ગાડીઓ બોલેરોની આગળ મૂકી કામગીરીમાં અવરોધ ઊભો કર્યો હતો. નરેશ ઉર્ફે નરીયોએ ગાયને લાકડી વડે મારી તેને રોડ પર ભગાડતા સ્થિતિ ગંભીર બની હતી. તેમજ આરોપીઓએ ગાયને પકડવા માટે નાખવામાં આવેલ દોરડું ખેંચી સરકારી કામગીરીમાં દખલગીરી કરી હતી.

આ ઘટનાને કારણે જાહેર માર્ગ પર પસાર થતા વાહનચાલકો અને રાહદારીઓના જીવને જોખમ ઊભું થયું હતું. આખરે ટીમે ગાયને સેન્ટ મેરી સ્કૂલ નજીક આવેલા ગાયોના વાડામાં ખસેડી પરિસ્થિતિ કાબૂમાં લીધી હતી. આ સમગ્ર બનાવને લઈ ઢોર પાર્ટીના સુપરવાઈઝરની ફરિયાદના આધારે પોલીસે ત્રણેય આરોપીઓ સામે ગુનો નોંધી આગળની તપાસ હાથ ધરાઈ છે.